સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

'ભલામણ'ને 'પ્રશ્ન' પૂછવા રંધો લઇ બેઠા છે!
સંસદના ખૂંટે ખાયકીનો ખંધો લઇ બેઠા છે
છડેચોક ઉઘરાણાં કરવામાં વાંધો ન સાંધો -
સેવાનો બૂરખો પહેલીને, ધંધો લઇ બેઠા છે!
(કોબ્રાનો ડંખ)

હાઈકુ

રાલેગણને
મળી ગઇ છે સિદ્ધિ
અપવાસમાં..

લડત પ્હેલાં
શરૂ થઇ લડાઇ -
આપ'સમાં જ

ચિંતન

સુસિદ્ધ મૌષધં ધર્મ ગૃહ છિદ્રં ચ મૈથુનમ્ ।
કુભુક્તં કુશ્રુતં ચૈવ મતિમાન્ન પ્રકાશયેત ॥

'પોતાના દ્વારા પ્રયત્નો અને સંશોધન પછી સિદ્ધ થયેલી ઔષધિ (કોઇ પણ શોધ), જાતે કરેલું ધર્મચરણ (જપ-તપ-દાન-પુણ્ય વગેરે), ઘરના દોષ અર્થાત પુત્રો-પુત્રવધુઓ-પત્ની સંતાનોના સ્વભાવ અને દુરાચાર રૂપી ઘરના છિદ્રો, તથા જાતે આચરેલાં દુષ્કૃત્યો, કોઇ ખરાબ અખાદ્ય વાનગીઓ લીધી હોય તો તે, કોઇના દોષ જોયા કે સાંભળ્યા હોય તો તે - વિદ્વાન-બુદ્ધિમાન-વડીલે કોઇને કહેવા જોઇએ નહીં.'

આ શ્લોકમાં વ્યવહારૂ જ્ઞાનની સમજ આપી છે :

- આપણું જાતે કરેલું સંશોધન-શોધ-ગુપ્ત રહસ્ય તપ દ્વારા મળેલી સિદ્ધિ કે ઇશ્વરકૃપાના ચમત્કાર શક્ય હોય ત્યાં સુધી મનમાં જ રાખવા. કોઇને કહેવા નહીં- ગુપ્ત રાખી તેનો બમણો ફાયદો લેવો.
- ઘરમાં, કુટુંબીજનોનાં દોષ-ભૂલ-દૂરાચાર-ખરાબ સ્વભાવ કે ઘરની પરિસ્થિતિ ન કરાય જે હોય તે મનમાં રાખી ઘરમાં બધું સારૂં જ છે એવો ડોળ-દેખાવ રાખવો. ઘજાગરા કરવાથી પરિસ્થિતિ કંઇ બદલાઇ જતી નથી ઉલ્ટું વધારે બગડવાની શક્યતા રહે ખરી.
- જાતે માંસાહાર-ડ્રગ કે કોઇ અખાદ્ય લેતા હોય તે પણ કોઇને કહેવું નહીં-એની 'મહેફીલ' ન ભરાય.
- કોઇના દોષ-દુષ્કત્ય-પાપાચાર 'દેખાઇ' ગયું હોય તો પણ મનમાં રાખવું-કોઇને કહેવું નહીં.

સુવિચાર

- આ સંસારરૂપી વિષવૃક્ષમાં પણ બે મીઠા ઉત્તમ ફળો છે, એક : કાવ્યરૂપી અમૃતનો રસ સ્વાદ, અને સજ્જનોનો સતસંગ - *ભાણભટ્ટ*
- અહંકાર રહિત જ્ઞાન, ક્ષમારહિત શૌર્ય, અને ધનપતિ હોવા છતાં વિનયપૂર્વક દાનશીલતા... આ ત્રણ દુર્લભ છે - *શ્રી સ. શંકરાચાર્ય*
- વિદ્યા, બળ અને યશથી વિખ્યાતિ મેળવે છે તેમનું જીવન ભલે ટુકું હોય પણ સફળ છે- *રાજચંદ્ર*
- જેનું ચિત્ત ઠેકાણે નથી એનું ચરિત્ર ઘણું વિચિત્ર હોય છે - *રજનીશ*
- જેને હર્ષ અને ક્રોધ સરખાં છે... જેને શાસ્ત્રમાં શ્રદ્ધા છે તથા સેવકોની ઉપર પ્રેમ અને વિશ્વાસ છે તેને જ પૃથ્વી પર અધિક ધન મળે છે - *સુભાષિત*
- આત્મ સન્માન (સેલ્ફ એસ્ટીમ) અને આત્મશ્લાઘા (સેલ્ફ પ્રેઇઝ) વચ્ચે બહુ મોટો ફેર છે. જેમ '૫૨' અને 'બાવન' વચ્ચે છે - *ફ્રાઇર વર્ગીસ*
- ભૂતકાળ વાગોળવા માટે નહીં પરંતુ તેમાંથી શીખ મેળવીને વર્તમાનમાં વ્યવહાર કરવા અને ભવિષ્યને સુધારવા માટે હોય છે - *ઈસ્ત મર્સેય*

(સંકલન : દીપક વી.આસવા)

બોધ કથા

આપણી ક્ષિતિજો કૂપમંડૂક જેવી-જેટલી વિસ્તૃત છે મર્યાદિત જ્ઞાન-અનુભવો-સંબંધો-વાચન છતાંય 'જ્ઞાની' અનુભવીની ગેરસમજથી આપણે વેરાયેલા રહીએ છીએ અને જે જાણીએ છીએ એમાં કચરાપેટીનું વિશ્લેષણ જ હોય છે અને મગજ પર ખોટો 'જાણવા' નો ભાવ રાખીએ છીએ. વાસ્તવ આપણે શું છીએ અને ક્યાં છીએ એ પણ જાણતા નથી હોતા!

અમેરિકન અબજોપતિ નાગરિક જ્હોન હુવર આવી ગેરસમજમાં પોતાને દક્ષ, ચતુર, અનુભવી, જ્ઞાની સમજતો હતો. પ્રવાસનો અને ઉડ્ડયનનો ખૂબ જ શોખ-પોતાની માલિકીનું હેલીકોપ્ટર લઇ દુનિયાના તમામ જોવાલાયક-રમણીય સ્થળોના પ્રવાસે ઉડી જતો.

એકવાર આમ એકલો હેલીકોપ્ટર લઇ જતો હતો. વાદળ ઘૂમ્મસમાં દિશાનું ભાન ન રહ્યું અને હેલીકોપ્ટરમાં પણ કંઇક ખરાબી જણાઇ તેથી ઇમરજન્સીમાં એક અજાણ્યા સ્થળે ખેતરના મેદાનમાં હેલીકોપ્ટર ઉતાર્યું- તડકામાં એ ખેતરને શેઢે એક વૃક્ષ નીચે કોઇ ગામવાસીના આવવાની રાહ જોતો બેઠો.

એક ગામડિયો દેખાવે જ ગમાર લાગતો. ખેડૂત આવ્યો. જહોને એને પૂછ્યું. અહીં કોઇ નજીકમાં રેલ્વે સ્ટેશન બસ સ્ટેશનને કોઇ શહેર છે ખરૂં?

ખેડૂતે પોતાનું અજ્ઞાન દર્શાવી પોતાને ખબર નથી એમ કહ્યું, ત્યારે જહોને ગુસ્સે થઇ કહ્યું - તું કેવો ગમાર છે. તને કંઇક જ ખબર નથી?

ખેડૂત કહે આમ છતાં હું તારાથી વધારે જાણું છું. જહોને પૂછ્યું 'કેમ? ખેડૂત કહે મને એટલી તો ખબર છે કે 'હું ક્યાં છું!'

જહોન હુવરને આ જવાબમાંથી 'જ્ઞાન' લાધ્યું.

Email - sureshchandrabhatt18@gmail.com

'Statue of Unity' જ્યારે પ્રસ્થાપિત થશે ત્યારે એક ઇતિહાસ રચાશે

'લાલબત્તીને સુપ્રીમનો રેડ સિગ્નલ!' અંગે એક લેખ લખવાનો વિચાર કરી હતો ત્યારે જ એટલે જે ૧૧મી ડિસેમ્બર ૨૦૧૩ના ન્યૂયપેપરમાં હેડીંગ વાચ્યું કે - 'આંજે ૧૧-૧૨-૧૩ નો સર્જાશે રોમાંચકારી સંયોગ!' અંકશાસ્ત્રમાં રસ ધરાવનારાઓ ભારે ઇંતેજારીથી રાહ જોઇ રહ્યા હતા આ '૧૧-૧૨-૧૩'ના સંયોગની! કારણ કે આવો સંયોગ હવે પછી ૧૦૦ વર્ષ પછી આવશે! તેથી તે દિવસે ઘણા લોકો વિચારમાં - નિરાશામાં પણ હતા કે કાંઇ પ્લાનીંગ થઇ શક્યું નહીં આ સંયોગનો લાભ લેવા માટે! (જો કે આ અંગે અમારો ક મિત્રે રમૂજમાં કહ્યું કે - 'ઘણા લોકો કહે છે ને કે ટાઇમને જતાં કાંઇ વાર લાગે છે!' આ 'બકો' હતો તે જોતજોતામાં 'બ્રાઇડગ્રુમ' બની ગયો! સો વર્ષ તો ચપટી વગાડતાં પસાર થઇ જશે! અને આવી જશે ૧૧-૧૨-૨૧૧૩ (!) ત્યારે લાભ લઇ લેજો!)

જે લોકો વિચારમાં હતા તે લોકો એટલા માટે વિચારમાં હતા કે તેઓ અગાઉનાં ૧-૧૦-૨૦૧૦, ૧૧-૧૧-૨૦૧૧ અને ૧૨-૧૨-૨૦૧૨ ના આવા સંયોગ ચુકી ગયા હતા! તેથી તે લોકો આ સદીની છેલ્લી ટ્રેઇન ચૂકવા માગતા નો'તા! આ દિવસ આમ તો લગ્ન માટે મુહૂર્ત નથી હોતાં પરંતુ અંકશાસ્ત્રમાં રસ ધરાવનાર અને લગ્નના દિવસને યાદગાર બનાવવા આતુર જોડાં ૧૧-૧૨-૧૩ ના દિવસે લગ્નગ્રંથીથી જોડાવા થનગની રહ્યાં હતાં! (લગ્ન પછી ભલેને જે થવાનું હોય તે થાય! એ તો પડશે તેવો દેવાશે! એવા આત્મવિશ્વાસ સાથે!) વળી કેટલાક પરિણીત યુગલો એવું ઇચ્છી રહ્યા હતા કે તેમના ઘરે બાળકનો જન્મ ૧૧-૧૨-૧૩ ના દિવસે બપોરે ૧૪.૧૫ કલાકે થાય! એટલે કે ૧૧-૧૨-૧૩-૧૪-૧૫ નો અનોખો સંયોગ સર્જાય! આ હિસાબે શહેરના બધા જ 'મેટરનીટી હોમ' પર આ ટાઇમની ડિલીવરી માટે 'હાઉસફૂલ' ના પાટીયા ઝૂલી રહ્યા હતા એવું સાંભળવા મળેલ!

અમે પણ આ Race માં ઝુકાવ્યું! (ગેરસમજ કરશો નહીં! મેટરનીટી હોમની વાત નથી!)

૧૧મી તારીખે આ લેખની શરૂઆત કરી છે પરંતુ લેખનો અંત આવશે ૧૫મી ડિસેમ્બરથી! આ રીતે અમે પણ લેખ લખીને ૧૧-૧૨-૧૩-૧૪-૧૫ ના સંયોગનો લાભ લઇ રહ્યાં છીએ!

તો ચાલો હવે વાત કરીએ ૧૧મી ડિસેમ્બરના ન્યૂઝપેપરના સમાચાર - 'લાલબત્તીને સુપ્રીમકોર્ટનો રેડ સિગ્નલ' ની!

લાલ લાઇટવાળી ગાડીનો પણ એક દબદબો હોય છે! એક અનોખો અંદાઝ હોય છે! તેથી જ 'આમ આદમી' કે સામાન્ય નાગરિક આવા વાહન જુએ કે તરત તેમાં બેઠેલ વ્યક્તિઓ તરફ અહોભાવની દૃષ્ટિથી જુએ છે! ક્યારેય લગભગ સલામ મારવાની સ્થિતિમાં પણ આવી જતા હોય છે! એમ સમજીને કે સલામ મારી હશે તો ક્યારેક 'કામ' લાગશે! (બાકી કામ વગરના આ કલિયુગમાં કોઇ સાલમ મારે ?!)

લાલ લાટિવાળી ગાડીના આવા દબદબાને કારણે જ જેમને આવી લાટિ લગાવવાની સત્તા નથી તેવા લોકો પણ કાયદાની ઐસી તૈસી કરીને લાલ લાઇટ લગાવીને ફરતાં હોય છે!

હળવાશની ક્ષણોમાં!
લાલબત્તીને રેડ સિગ્નલ!
- ચિત્રસેન શાહ

એક રીપોર્ટ પ્રમાણે એકલા ગુજરાતમાં જ આવી લાલ લાઇટ લગાવેલી ૨૧૦૦૦ ગાડીઓ ફરે છે! મુખ્યમંત્રી, રાજ્યપાલ, પ્રધાનો, હાઇકોર્ટના ચીફ જસ્ટીસ, પોલીસના ઉચ્ચ અધિકારીઓ વિ. બધાને ભેગા કરીએ તો પણ આ ૨૧૦૦૦ નો જાદુઇ આંકડો ન આવે! તેથી અમને તો એવું લાગે કે મહાનુભાવોના પઢાવાળા, રસોઇયા, કામવાળા કે કામવાળી, અરે બુટલેગર સુદ્ધાં આવી લાલ લાઇટ લગાવીને ફરતાં હશે!

આ કારણે જ સુપ્રીમકોર્ટને આવા લોકો તરફ 'લાલ આંખ' કરવી પડી છે! આ રીતે લાલબત્તીને મળ્યો છે. સુપ્રીમ કોર્ટનો 'રેડ સિગ્નલ!' છેલ્લા થોડા વર્ષોથી આવા ઘણા કાયદાવિષયક કે એવા બીજા ઘણા કામો કે જે બીજી ઓથોરીટી કરવા જોઇએ કે કરવાના હોય તે કામ સુપ્રીમકોર્ટે કરવા પડે છે અથવા તો સુપ્રીમકોર્ટ હાથ પર લે છે!

પરિણામ એ આવે છે કે સુપ્રીમ કોર્ટમાં પેન્ડીંગ કેસોનાં ઢગલા થાય છે! વળી કેટલાક લોકો રાજકીય કે અન્ય કારણોસર પણ 'જાહેર હિત'ની અરજી દ્વારા આ ઢગલામાં વધારો કરતાં રહે છે!

ઉમદા કે ઉત્તમ કામ થઇ રહ્યું હોય તેમાં પણ 'હવનમાં હાડકાં' નાખવાની તેમની આવી પ્રવૃત્તિ ચાલુ રાખે છે! દાખલા તરીકે ગુજરાતના અને દેશના પનોતા પુત્ર લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઊંચી અને ભવ્ય પ્રતિમાના પ્રોજેક્ટમાં પણ 'પ્રદૂષણ'ના મુદ્દા પર 'રોડાં' નાખનારાં તૈયાર જ છે!

આ પ્રતિમા 'Statue of Unity' જ્યારે પ્રસ્થાપિત થશે ત્યારે એક ઇતિહાસ રચાશે એ ત્યારે દુનિયાની સાત અજાયબીઓમાંથી એક અમેરિકાની 'Statue of Liberty' એક ઇતિહાસ બની જશે!

આ લોહપુરૂષના જીવનના કેટલાક મહત્ત્વના બનાવો આ રહ્યાં -

- ૩૧મી ઓક્ટોબર ૧૯૭૫ના રોજ નડિયાદ ખાતે મોસાળમાં જન્મ. વતન કરમસદ જ્યાં તેમણે પ્રાથમિક શિક્ષણ લીધું. ● પિતા ઝવેરભાઇ અને માતા લાડબાઇના પાંચ પુત્રો અને એક પુત્રીના કુટુંબમાં વલ્લભભાઇનો ક્રમ ચોથો હતો. એક રીપોર્ટ પ્રમાણે તેમના પિતા તેમની યુવાનીમાં ઝાંસી કી રાણી લક્ષ્મીબાઇના લશ્કરમાં જોડાયા હતા. ● ૧૮૯૩માં કરમસદ પાસેના ગાના ગામે કન્યા ઝવેરબા સાથે લગ્ન. એક પુત્ર ડાહ્યાભાઇ અને પુત્રી મણિબેન. ● આઝાદ ભારતના પ્રથમ ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર અને ગૃહપ્રધાન. જેમણે ૫૪૨ (આ આંકડામાં સામાન્ય ભૂલ હોવાની પણ શક્યતા છે કારણ કે બે જગ્યાએ અલગ અલગ આંકડા વાંચવા મળ્યા છે) જેટલાં દેશી રજવાળાંઓને શામ-દામ-દંડ-ભેદની 'ચાણક્યનીતિ'થી ભારત સંઘમાં જોડીને અખંડ ભારતનાં શિલ્પી બન્યા! ● બારડોલી સત્યાગ્રહથી તેમને 'સરદાર'નું બિરૂદ મળ્યું. ● ૧૩મી નવેમ્બર ૧૯૪૭ના રોજ સોમનાથ-પ્રભાસ પાટણની મુલાકાત અને સોમનાથ મહાદેવના પુનઃપ્રતિષ્ઠાનો સંકલ્પ લીધો! ● ૧૫મી ડિસેમ્બર ૧૯૫૦ ના રોજ ટૂંકી માંદગી બાદ મુંબઇમાં નિધન.

જૂનાગઢ અને હૈદરાબાદ સહિતના પાંચસો ઉપરાંતના અનેક દેશી રજવાડાઓને એક કરવાનો ભગીરથ કામ કરનાર લોહપુરૂષ બીજી અનેક બાબતો પર પણ એટલો જ ખ્યાલ રાખતા હતા તે અમારા એક અત્યંત નજીકના સંબંધી પરના પત્રથી જાણવા મળે છે.

(આ લખનારના બહેન અને બનેવી વર્ષોથી કોલકત્તા રહે છે. બનેવીના પિતા કરમચંદભાઇ શાહ અને કાકા ડોસાભાઇ લાલચંદ શાહ માદરે વતન કચ્છના વિકાસમાં સારો રસ લેતા હતા તથા ઉદાર હાથે દાન કરતા હતા. તે વર્ષોમાં સરદાર વલ્લભભાઇ પટેલ જ્યારે કોલકત્તા જતા ત્યારે તેમને ત્યાં ઉતરતાં)

આ રહ્યો એ પત્ર -

કચ્ચનો પલટો કરવો છે.

દહેરાદૂન
તા. ૩૦-૬-૧૯૪૮

કરમચંદ

તમારો તા. ૧૩મીનો આ કાગળ મળ્યો હતો. પહેલાં પણ એક બે કાગળ મળ્યા હતા. કાગળથી કલકત્તામાં સ્વ. ભાઇ મણિલાલ કોઠારીની સાથે તમારી મહોમતભરી મહેમાનગીરી ભોગવેલી તેનાં સ્મરણ થાય છે. મણિલાલ તો ચાલ્યા ગયા અને હું તો ઘરમાં પડેલો છું એટલે આપણે એકબીજાને ઘણા વરસથી મળી શક્યા નથી. ઇચ્છા તો ઘણી થાય.

ઓકટોબરની ૨જી તારીખે કચ્છ આવવાનો વિચાર છે એ પ્રસંગે તમે બંને ભાઇઓને તો મળી શકાશે. એક વરસ ઉપર હું કલકત્તા આવ્યો ત્યારે તમારી તપાસ કરી હતી પણ તમે હતા નહીં.

તમે જાણો છો કે કચ્છ મધ્યસ્થ સરકારના હાથમાં આવેલું છે. હવે કચ્છની ધરતીનો કાયાંપલટો કરવાનો છે. ત્યાં કંડલાનું મોટું બંદર કરવાનું છે. તેની સાથે નાની ને મોટી વેનો સંબંધ જોડવાન છે અને સરકાર તેની પાછલ સારી પેઠે ખરચ કરવાની છે. કરાંચી ભાંગ્યા પછી કચ્છનું બંદર મોટું થવું જોઇએ ને ત્યાં મોટા પ્રમાણમાં કચ્છીઓને સ્થાન મળવું જોઇએ. કે જેથી કરાંચીનો બદલો હિંદુસ્તાનને મળી શકે. તમે બંને ભાઇનો કચ્છના કેળવણીકાર્યમાં રસ લો છો તે જાણી આનંદ થયો. તમારા કુટુંબમાં બધાં કુશાળ હશે.

લિ. વલ્લભભાઇના વંદે માતરમ્ ।

ચાલો, સૌ દેશવાસીઓ,

આવા મહાપુરૂષને ૧૫મી ડિસેમ્બરે આવતી તેમની પુણ્યતિથિએ યુનિક શ્રદ્ધાંજલિ અર્પીએ - દોડીને! 'Run For Unity' - દ્વારા!

નાના ભાઇની પત્નીની હત્યાના કેસમાં મોટા ભાઇ ભાભીની સજા માફ કરતી ગુજરાત હાઇકોર્ટ : ભત્રીજાના ઉછેર માટે માનવીય અભિગમ

ઘરેલું હિંસામાં મોતને ઘાટ ઉતારનાર મહિલાના બે વર્ષના પુત્રની ઉછેરની જવાબદારી હત્યારા કાકા-કાકીને સોંપી સજામાંથી મુક્તિ આપતો ઐતિહાસિક ચુકાદો તાજેતરમાં જ ના. ગુજરાત હાઇકોર્ટે આપેલ છે. જે માનવી અભિગમ પ્રેરિત સામાન્ય વ્યવસ્થા જાળવી રાખવા તેમજ કુમળા બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે હત્યામાંથી મુક્તિ આપી જેલ મુક્ત કરવા હુકમ કરેલ છે.

અસ્ગર આલમ અન્સારી અને કેમુનીશાબેન અન્સારીને તેમના ભાભી શહેનાઝની હત્યા અને તેની પાસે દહેજની માંગણી કરવા બદલ હિંમતનગરની સેસન્સ કોર્ટે આરોપીઓને આજીવન કોર્ટની સજા ફરમાવેલ. જે ચુકાદા સાથે આરોપીઓને ના.ગુજરાત હાઇકોર્ટમાં અપી કરતા ના. ગુજરાત હાઇકોર્ટે માત્ર બાળકના નામે બે લાખ રૂપિયા જમા કરાવવા અને ભત્રીજાને પોતાના સગા બાળકની માફક ઉછેરી શિક્ષણ આપવાની શરતે સજા મુક્ત કરેલ છે.

શહેનાઝ અને તેના પતિ મેહરાજ અહેમત અન્સારી અને પુત્ર જીશાન સાથે જેઠ જેઠાણી સાથે એક જ ઘરમાં ઉપર નીચે રહેતા હતા ત્યારે ઘરેલું હિંસા અને દહેજના કારણે અવારનવાર બંને પરિવારો વચ્ચે કૌટુંબિક ઝઘડા થયા હતા. ૧૦ નવેમ્બરના રોજ આજ મુદ્દા ઉપર ઘરમાં ઝઘડો થતા મેહરાજ અહેમદ ઘરે આવ્યો એટલે શહેનાઝે આ કાયમનાં ઝઘડાનો અંત લાવવા જણાવ્યું અને કહ્યું પતિ-પત્ની વચ્ચે મારા મારી થતાં ઝઘડાનો અવાજ સાંભળતા ઉપરના માળેથી અસ્ગર આલમ અને તેની પત્ની કેમુનીશાબેન નીચે આવ્યા અને તે પણ શહેનાઝને મારવા લાગ્યા. કાયમના કકળાટથી કંટાળી શહેનાઝ તેના પતિને કહ્યું, આના કરતાં તો મેન જાનથી મારી નાખો તો સારૂં. તેનો પતિ તેની ઇચ્છા પુરી કરતો હોય તેમ તેની ઉપર કેરોસીન નાંખીને સળગાવી મુકી. આ સમયે અસ્ગર આલમે શહેનાઝને પકડી રાખી હતી. પણ કેમુનીશાબેન જીશાનને લઇ ત્યાં જતા રહ્યા હતા. શહેનાઝને સળગાવવામાં તેનો પતિ પણ ગંભીર રીતે દાઝી જતા સારવારના અંતે તે પણ મોતને ભેટયો આથી ઘરેલું હિંસાના કારણે હર્યુંભર્યું કુટુંબ પળવારમાં તૂટી ગયું અને બાળક જીશાન નિઃસહાય હાલતમાં એકલો પડી ગયો. અસ્ગર આલમ અને કેમુનીશાની ધરપકડ બાદ જીશાન અનાથ બની ગયો. માત્ર બે વર્ષના બાળકનો ઉછેર કોણ કરે તે પણ પ્રશ્ન બનીને ઊભો રહ્યો. ટ્રાયલના અંતે બંને પતિ-પત્નીને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી પરંતુ બાળકના ભવિષ્યનું શું? તે પ્રશ્ન કોઇએ વિવાદ કર્યો નહીં.

વાત કાનૂન કાયદાની...
- અશ્વિન વી. ત્રિવેદી

ના. ગુજરાત હાઇકોર્ટમાં અપીલ કરતા જસ્ટીસ કે. એસ. ઝવેરી અને જસ્ટીસ કે.જે. ઠાકુર સાહેબની કોર્ટે નોંધ્યું કે આ કેસની હકીકતો અને સંજોગો જોતા કોર્ટના મતે મૃતકના બાળકનું ભવિષ્ય ઘણું મહત્ત્વનું છે આ બાળકનો ઉછેર જામીન મુક્ત થયા બાદ તેના કાકી કરી રહ્યા છે. બાળકે માતા-પિતાને તો બે વર્ષની ઉંમરે જ ગુમાવ્યા છે. સગા માતા-પિતાને તો બાળક ઓળખતું સુદ્ધાં નથી. આટલા નાના બાળકને માતા-પિતાના પ્રેમ, હૂંફ અને વાત્સલ્યની ખુબ જ જરૂરીયાત છે અને ટ્રાયલ કોર્ટના કેસ દરમિયાન આરોપીઓએ કોર્ટની સજા જોતા કેમુનીશા તો ઝઘડા દરમિયાન બાળકને લઇને ત્યાંથી જીવ બચાવી ભાગી ગઇ હતી. તેવા સંજોગોમાં કોર્ટે અસ્ગર આલમની ૧૦ વર્ષની સજા કાયમ રાખતા એમ પણ હુકમ કર્યો કે જો અસ્ગર આલમ જીશાનનાં નામે બે લાખ રૂપિયા રાષ્ટ્રીય કૃત બેંકમાં જમા કરાવે તો તેના ઉછેરની જવાબદારી સોગંદનામું ઉપર જાહેર કરી પશ્ચાતાપ કરે તો અસ્ગર આલમે અત્યાર સુધી કાપેલી સજાથી વધુ સજા કાપવાની રહેશે નહીં અને તેને જેલ મુક્ત કરવામાં આવશે. ગુજરાત હાઇકોર્ટના આવા માનવીય અભિગમને કારણે એક બાળક અનાથ થતું બચી ગયું છે. માત્ર સજાના માપદોરણના કારણે કેસના આધીન બચી ગયેલ વ્યક્તિની ભવિષ્યની ચિંતા કરી ના. જજીસે જે હુકમ કર્યો તેની સહાહના સમાજમાં ચોક્કસપણ થવા પામી અને ન્યાયયની આંખ ઉજળી બાજુ ઉજાગર કરવામાં જે અભિપ્રાય દૃષ્ટિકોણ ન્યાયાધીશોએ અપનાવ્યો છે તે સામાજીક રીતે તથાયોગ્ય છે. ઘરેલું હિંસાના કારણે કોડભરી કન્યા ક્યારેક મોતને ભેટવાનું પસંદ કરતી હોય છે. ક્ષણિક આવેગમાં લેવાયેલું પગલું ક્યારેય કોઇના ઉજ્જવળ સંસારને તો કોઇના માસૂમ બાળકના ભવિષ્યને છીન્ન ભિન્ન કરતું હોય છે. પૈસો એ પ્રાણ કરતા જીવન કરતા અગત્યનો નથી જ. પ્રેમ વાત્સલ્યથી કુમળા બાળકના ભવિષ્યને સુધારવા માટે ના. ગુજરાત હાઇકોર્ટે કરેલા નિર્ણયને સામાજીક સંસ્થાઓ તથા તાબાની કોર્ટ અનુસરે તો સમાજમાં દહેજના રાક્ષસથી સુખી લગ્નજીવનને બચતા, તૂટતા તથા બાળકો અનાથ થતા ચોક્કસ રીતે બચશે તે વાત નક્કી છે.

મગર કદી બોખા-દાંત વગરના જોવા મળતાં નથી, કારણ કે મગરના દાંત પડી જાય એટલે તેની જગ્યાએ આખી જિંદગી નવા દાંત આવતા રહે છે

પ્રાણીઓનાં શરીરમાં જો કોઇ સહુથી મહત્ત્વનાં અંગ વિશે વાત કરવી હોય તો તે પ્રાણીઓના દાંતની છે. દાંતએ પ્રાણીઓની ઓળખ બને છે. ખાસ કરીને સસ્તન પ્રાણીઓનું વર્ગીકરણ કરવામાં તેવા પ્રાણીઓનાં દાંતના પ્રકાર, આકાર, સંખ્યા અને ગોઠવણ એ ખાસ ધ્યાનમાં લેવાય છે.

સસ્તનો, સરિસૃપો, માછલીઓ અને ઉભયજીવીઓ આ બધા જ વર્ગના પ્રાણીઓને દાંત હોય છે. તેમાં કેટલાક અપવાદરૂપ પ્રાણીઓ પણ હોય છે જે તેમના વર્ગના હોય છે. સસ્તન પ્રાણીઓમાં કીંડીખાઉંને દાંત હોતા નથી. તેથી તેને 'અદંત' પણ કહે છે. ત્યારે કીંડીખાઉં સરિસૃપોની જેમ શરીર પર ભીંગડા ધરાવે છે જેનો અન્ય સસ્તનોમાં અભાવ હોય છે. સરિસૃપોમાં મગર, સાપ, ગરોળીયો, કાંચીડા, બોડી બામણી વગેરે દાંત ધરાવે છે. જ્યારે સરિસૃપોમાં જ આવતાં કાચબાઓને દાંત નથી હોતાં. દાંત વગરનાં કાચબા શીંગડા જેવા કેલ્શિયમ યુક્ત પદાર્થોની બનેલી ચાંચ ધરાવતાં હોય છે. પક્ષીઓની વાત કરીએ તો આપણે જાણીએ છીએ તેમ પક્ષીઓ પણ દાંત ધરાવતાં નથી.

વન્યસૃષ્ટિ પરિચય
પ્રાણીઓનાં દાંત-પ્રાણીઓની ઓળખ
- હેમંત સુથાર

પ્રાણીઓનાં દાંતને તેમના આકાર અને કદ મુજબ બે પ્રકારમાં વહેંચવામાં આવેલ છે. એક છે હોમોડોન્ટ (Homodent) - સમદંતી. આવા દાંત આકાર અને કદમાં એક સરખા હોય છે. સરિસૃપો, માછલીઓ અને ઉભયજીવી પ્રાણીઓમાં દાંત જે તે જાતિનાં સરખાં આકાર તથા કદના હોય છે. ટુથ્ડ વ્હેલ (દાંતાળી વ્હેલ) ડોલ્ફીન, આર્મડીલો જેવા પ્રાણીઓના બધા દાંત એક સરખા હોય છે.

વિષમદંતી - હીટરોડોન્ટ (Heterodont) એ દાંતનો બીજો પ્રકાર છે. જેમાં પ્રાણીના દાંત જુદા જુદા આકારો અને કદના જોવા મળે છે. આ પ્રકારનાં દાંત સસ્તન પ્રાણીઓમાં જોવા મળે છે. જેમાં એક જ પ્રાણીમાં જુદાં-જુદાં આકાર અને જુદા જુદા કદના દાંત હોય છે જે જુદા જુદા કાર્યોમાં ઉપયોગી બને છે. તેમાં પણ શ્વાસકુળનું લોંકડી જેવું પ્રાણી દાંતોનું ખુબ જ વૈવિધ્ય ધરાવે છે.

દાંતના આકાર અને કદને ધ્યાનમાં લઇએ તેના ચાર પ્રકાર પાડવામાં આવેલ છે. કૃંતક દાંત (Insicors), રાક્ષસી દાંત (Canines), અગ્ર દાઢ (Premolars), દાઢ (Moler). કૃંતક દાંત, તિક્ષણ, લાંબા અને વળાંક વાળા હોય છે. જે પકડવા, કાપવા અને કરડવા જેવા કાર્યોમાં પ્રાણીને ઉપયોગી બને છે. સસલાં, ઉંદર, શાહુડી, ખિસકોલીઓ વગેરેમાં આ પ્રકારનાં દાંત હોય છે તેથી તે પૈકીના પ્રાણીઓને કૃંતકો (Rodents) તરીકે પણ ઓળખવામાં આવે છે.

આ પ્રકારનાં દાંતની મદદથી પ્રાણીઓ ફળ, ફૂલ, બીજ, અનાજ વગેરે કોતરીને ખાય છે. આ પ્રાણીઓનાં દાંત પણ વધતાં રહેતાં હોઇ તેને માપસરના રાખવા માટે આવા પ્રાણીઓ તેમના દાંતને લાકડાં જેવા પદાર્થો સાથે નિયમિતપણે દાંતથી કોતરીને ઘસારો આપતાં રહેતા હોય છે. હાથી અને કસ્તૂરી મૃગમાં બહારની તરફ દેખાતાં મોટા અને લાંબા દાંત કૃંતક દાંત (Insicors) પ્રકારનાં છે.

રાક્ષસી દાંત (Canines) લાંબા, શંકુ આકારના અને અણીદાર હોય છે. આવા દાંતની મદદથી પ્રાણીઓ ફાડવા, ચીરવા, કાપવા જેવા કાર્યો કરે છે. ખાસ કરીને બિલાડી અને કૂતરા કૂળના માંસાહારી પ્રાણીઓ આવા દાંત ધરાવતાં હોય છે. વાઘ, સિંહ, દિપડા, ચિત્તા, વરૂ, શિયાળ, કૂતરા જેવા રાક્ષસી દાંત ધરાવતાં પ્રાણીઓ આવા દાંતની મદદથી તેમનાં શિકાર પર હુમલો કરે છે અને ત્યારબાદ તેમાંથી ચીરફાડ કરીને માંસ ખાય છે. આવા દાંત નર પ્રાણીમાં પ્રમાણમાં મોટા હોય છે. ખાસ કરીને વરૂ, કૂતરા અને શિયાળ જેવા પ્રાણીઓ આ દાંતના આધારે કેનાઇ (Canines) તરીકે પણ ઓળખાય છે.

અગ્ર દાઢ (Premolars) અને દાઢ (Moler) દાંત ચપટા, જાડા એ અણી વગરના હોય છે. કોઇ પણ પ્રાણીના મોઢાના જડબાઓમાં ઉપર તથા નીચેના જડબાઓમાં દાંતની સંખ્યા સરખી હોય છે. જડબાઓમાં આગળના ભાગે કૃંતક દાંત (Insicors) હોય છે ત્યારબાદ રાક્ષસી દાંત (Canines) આવે છે અને ત્યારબાદ અગ્ર દાઢ અને દાઢ પ્રકારના દાંત આવે છે જેમાં કારણે તેને 'ચીક ટૂથ' (ગાલ ભાગના દાંત) પણ કહે છે. આવા દાંત દળવા, ચાવવા, ચગદી કાઢવા જેવા કાર્યોમાં મદદરૂપ ઉપયોગી બને છે. ખાસ કરીને તૃણાહારી કે શાકાહારી પ્રાણીઓ જેવા કે ચિત્તલ, સાબર, નીલ ગાય, ભેંસ, બકરા, વગેરેમાં આવા દાંત વિશેષ પ્રમાણમાં જોવા મળે છે.

દાંતની રચનાને આધારે ક્યા પ્રાણીઓ ક્યા પ્રકારનો ખોરાક લેતાં હશે તે જાણી શકાય છે. વ્હેલ શાર્કને ૪૦૦૦ થી વધારે દાંત હોય છે. આ બદાં જ જાંત એક સરખા

(અનુસંધાન પાના નં. ૬ પર)